રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧-૦૮-૨૦૧૭

**ક્રમાંક : રાચઆ-ચટણ-સમક-નપા-કરમસદ-યુનિટ-૮-૦૮૨૦૧૭**
**કરમસદ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :**

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ ની પેટા કલમ-૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ ની પેટા કલમ-૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ-૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી-૧૩૮-ઓફ ૨૦૧૭-એનપીએલ-૪૫૨૦૧૬/૩૩૦૭-એમ., તા.૧૯-૬-૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **કરમસદ** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **કરમસદ** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની **કુલ-૨૮** બેઠકો નક્કી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૪૯-૧૯૯૪-એનએમપી-૪૫૯૩-૩૬૫૫-એમ, તા.૧૬-૩-૧૯૯૪ અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને-૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને-૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની **કુલ વસતિ ૩૫૨૮૫** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૫૦૪૧** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **૧** બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને **૧** બેઠક પૈકી **કોઈપણ** બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા **૭** સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત જાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૪૮૫૯ | ૩૪૪ | ૭.૦૭ |
| ૨ | ૪ | ૪૮૭૪ | ૨૮૭ | ૫.૮૮ |
| ૩ | ૬ | ૪૮૫૬ | ૨૨૫ | ૪.૬૩ |
| ૪ | ૭ | ૫૨૪૫ | ૨૩૮ | ૪.૫૩ |
| ૫ | ૫ | ૫૪૮૬ | ૧૮૨ | ૩.૩૧ |
| ૬ | ૩ | ૫૧૪૬ | ૭૬ | ૧.૪૭ |
| ૭ | ૨ | ૪૮૧૯ | ૦ | ૦.૦૦ |
| | કુલ | ૩૫૨૮૫ | ૧૩૫૨ | -- |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ **નં.૧** માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે કોઈપણ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૧ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૧ | અનુસૂચિત જાતિ |

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **કોઈપણ** બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૫ | ૫૪૮૬ | ૧૭૩ | ૩.૧૫ |
| ૨ | ૪ | ૪૮૭૪ | ૯૬ | ૧.૯૬ |
| ૩ | ૩ | ૫૧૪૬ | ૮૦ | ૧.૫૫ |
| ૪ | ૭ | ૫૨૪૫ | ૬૫ | ૧.૨૩ |
| ૫ | ૨ | ૪૮૧૯ | ૪૯ | ૧.૦૧ |
| ૬ | ૬ | ૪૮૫૬ | ૪૩ | ૦.૮૮ |
| ૭ | ૧ | ૪૮૫૯ | ૭ | ૦.૧૪ |
| | કુલ | ૩૫૨૮૫ | ૫૧૩ | -- |

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.
**કરમસદ** નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | પછાતવર્ગની વસતિ (અંદાજિત) | વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૪૮૫૯ | ૨૬૨૬ | ૫૪.૦૪ |
| ૨ | ૭ | ૫૨૪૫ | ૨૩૫૭ | ૪૪.૯૩ |
| ૩ | ૬ | ૪૮૫૬ | ૬૧૪ | ૧૨.૬૪ |
| ૪ | ૨ | ૪૮૧૯ | ૬૦૫ | ૧૨.૫૫ |
| ૫ | ૩ | ૫૧૪૬ | ૫૨૩ | ૧૦.૧૬ |
| ૬ | ૫ | ૫૪૮૬ | ૩૧૩ | ૫.૭૦ |
| ૭ | ૪ | ૪૮૭૪ | ૨૩૩ | ૪.૭૮ |
| | કુલ | ૩૫૨૮૫ | ૭૨૭૧ | -- |

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૧,૭ અને ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૧ અને ૬ માં પછાતવર્ગની અને વોર્ડ નં.૭ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં.૧ માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ, પછાતવર્ગના ખાસ ક્રમાંક ૧ વોર્ડ નં.૧ ને પછાતવર્ગ સ્ત્રીવાળા ખાસ ક્રમાંક ૨ વોર્ડ નં.૭ સામે ચડતા–ઉતરતા ક્રમમાં ગોઠવતાં વોર્ડ નં.૧ માં પછાતવર્ગની સ્ત્રી બેઠક અને વોર્ડ નં.૭ માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૧ | **પછાતવર્ગ સ્ત્રી** |
| ૨ | ૭ | **પછાતવર્ગ** |
| ૩ | ૬ | **પછાતવર્ગ** |

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **કરમસદ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **કરમસદ** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**રાજય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

# અનુસૂચિ-૧

## કરમસદ નગરપાલિકા, જિલ્લો આણંદ

વોર્ડ નં.૧

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસનાબ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧ | ૦ | ૦ | ૫૭૨ | ૧ થી ૧૬૫ | પ્રભાતપોળ, સરદારપોળ, વલાસણની નળીવાળો વિસ્તાર. |
| | ૨ | ૦ | ૭ | ૫૬૬ | ૧ થી ૧૬૯ | મૃત્યુંજય મહાદેવવાળો વિસ્તાર, લિલતાનગર, ઓમકાર સોસાયટી, ભાથીજી મંદિરવાળો વિસ્તાર, નવો રબારીવાસ. |
| | ૩ | ૮ | ૦ | ૫૬૭ | ૧ થી ૧૫૬ | લીમડીપોળ, કૃષ્ણપોળ, ખડોલવાળું ફળિયું, માધવાનંદ આશ્રમવાળો વિસ્તાર. |
| | ૪ | ૦ | ૦ | ૩૯૬ | ૧ થી ૧૬૨ | અંબિકા સોસાયટી, નવીપોળ-૧, ૨, શાંતિપોળ. |
| | ૫ | ૦ | ૦ | ૪૭૯ | ૧ થી ૧૪૭ | પ્રજાપતિવાસ, વિરમવાળું ફળિયું, વેણીદાસની ખડકી, નંદતનુજ બંગ્લોઝ, નિરવપાર્ક, પૂજાકાકાનું ફળિયું. |
| | ૬ | ૦ | ૦ | ૫૧૪ | ૧ થી ૧૭૫ | જૂનો રબારીવાસ, રાવળવાસ, પ્રજાપતિ નિવાસ, અંબામાતા મંદિરપાસે નો વિસ્તાર. |
| | ૭ | ૦ | ૦ | ૨૫૯ | ૧ થી ૧૧૬ | રાધાજ્યોત, શિવાશ્રય એપાર્ટમેન્ટ, યમુનાકુંજ, ખારાકૂવા વિસ્તાર. |
| | ૧૩ | ૦ | ૦ | ૨૩૪ | ૧ થી ૧૩૬ | ગાંધીપોળ, કોનવેન્ટ સ્ટ્રીટ, ડો. જશભાઈનો ખાંચો, પત્થરવાલા બિલ્ડીંગ. |
| | ૧૬ | ૦ | ૦ | ૩૩૧ | ૧ થી ૧૪૯ | મંગલમ સ્ટ્રીટ, નારાયણદેવ મહાદેવ, રામજી મંદિર પાસેનો વિસ્તાર, જૂની પોસ્ટ ઓફિસનો વિસ્તાર |
| | ૧૮ | ૧૪૨ | ૦ | ૫૨૦ | ૧ થી ૧૪૯ | ખ્રિસ્તીવાસ. |
| | ૧૯ | ૧૯૪ | ૦ | ૪૨૧ | ૧ થી ૧૨૭ | સરકારપોળ, માતાપોળ, હરિજનવાસ, રોહિતવાસ, કે. બી. પટેલ એસ્ટેટ. |
| | કુલઃ- | ૩૪૪ | ૭ | ૪૮૫૯ | | |

### વોર્ડ નં. ૧ ની હદનું વર્ણન

વોર્ડ નં.૧ના વાયવ્ય ખૂણાનાં સર્વે નં.૧૭૯૯ થી આગળ વધી સ.નં.૧૮૦૩ સુધી ત્યાંથી દક્ષિણ દિશાના સ.નં.૨૦૩૦/B ત્યાંથી પશ્ચિમ તરફ થઈ દક્ષિણે શાંતિપોળથી પૂર્વ દિશા તરફ વેણીદાસની ખડકી થઈ સરકારપોળ, ખ્રિસ્તીવાસ થઈ વાલ્મિકીવાસ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ યમુનાકુંજના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ સ.નં.૧૭૫૧ સુધી આણંદ - સોજીત્રા રોડનો ઉત્તર તરફનો સમાવિષ્ટ તમામ વિસ્તાર ત્યાંથી પશ્ચિમ તરફના વલાસણના સીમાડે સીમાડે ૧૭૯૧ તથા ૧૭૯૭ થઈ ૧૭૯૯ સુધીનો વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

# કરમસદ નગરપાલિકા, જિલ્લો આણંદ

## વોર્ડ નં.૨

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | ૮ | ૦ | ૦ | ૨૪૪ | ૧ થી ૧૩૨ | જવાહરપોળ, બાપાની ખડકી, હાથીભાઈ ની ખડકી, જયભગવાનની ખડકી. |
| | ૯ | ૦ | ૧૭ | ૪૨૩ | ૧ થી ૧૩૯ | ભગવાનદાસની ખડકી, બાપાની ખડકી, મોટાભાઈ ની ખડકી, હાથીભાઈ ની ખડકી, સરદારબાગ પાસેનો વિસ્તાર. |
| | ૧૦ | ૦ | ૦ | ૫૦૧ | ૧ થી ૧૬૮ | કણજીવાળું ફળિયું, સીટીપાર્ક, સરદારબાગની પાછળનો વિસ્તાર. |
| | ૧૧ | ૦ | ૨૨ | ૪૪૯ | ૧ થી ૧૫૫ | લાલાજીની ખડકી, રોયલસ્ટ્રીટ, સંતરામ મંદિર, વિઠ્ઠલચોક, જીની ખડકી, રાજાપોળ, ડ્રેનેજ પંપીંગ પાસેનો વિસ્તાર. |
| | ૧૨ | ૦ | ૦ | ૨૨૯ | ૧ થી ૧૫૮ | ગાંધીપોળનો ખાંચો, શાસ્ત્રીચોક, બાપેશ્વર મહાદેવ, બાલ પુસ્તકાલયનો વિસ્તાર, રાજાપોળ. |
| | ૧૪ | ૦ | ૦ | ૬૨૦ | ૧ થી ૧૭૭ | મોટું ફળિયું, હોળીચકલા, સાકરબા કન્યાશાળા સામેનો વિસ્તાર, કલાલવાળું ફળિયું (ભોઇવાસ), નવરંગપોળ. |
| | ૧૫ | ૦ | ૦ | ૫૧૦ | ૧ થી ૧૬૩ | ટેકરાવાળું ફળિયું, વકીલ હાઉસ તથા વકીલ હાઉસ પાછળથી જે વિસ્તાર, માળીવાળું ફળિયું. |
| | ૧૭ | ૦ | ૦ | ૩૭૬ | ૧ થી ૧૫૩ | સુભાષપોળ, જશભાઈના દવાખાનાનો વિસ્તાર, જૈન દેરાસર મંદિરવાળું ફળિયું, ગાયત્રી શ્રોફ પાછળ નો વિસ્તાર. |
| | ૨૦ | ૦ | ૫ | ૩૯૮ | ૧ થી ૧૨૩ | પરમ રો હાઉસ, ગાયત્રીપાર્ક, શિતબિન્દુ, ક્રિશ્ના રેસીડેન્સી, નિહર્ષ પાર્ક, રાજવન સોસાયટી, રેઈન્બો પાર્ક-૧. |
| | ૨૧ | ૦ | ૫ | ૨૬૨ | ૧ થી ૧૩૮ | રેન્બોપાર્ક-૨, રામા રેસીડેન્સી, આમ્રકુંજ, તીર્થ બંગલો, અતિત બંગલો, વૃંદાવન, સાનિધ્યા બંગલો, હરિકૃષ્ણ બંગલો, કૃષ્ણવિલા, પાટવી બંગલો. |
| | ૪૮ | ૦ | ૦ | ૩૯૨ | ૧ થી ૧૭૦ | શિવાલય સોસાયટી, શિવાશ્રય સોસાયટી, પુરૂષાર્થ સોસાયટી, શ્રીરામ, સરદારનગર સોસાયટી. |
| | ૪૯ | ૦ | ૦ | ૪૧૫ | ૧ થી ૧૫૫ | પંચશીલ સોસાયટી, દલાલપાર્ક, દુલારી એપાર્ટમેન્ટ, શિવાલય. |
| | કુલઃ- | ૦ | ૪૯ | ૪૮૧૯ | | |

### વોર્ડ નં. ૨ ની હદનું વર્ણન

વોર્ડ નં.૨ના વાયવ્ય ખૂણાનાં સર્વે નં.૧૮૪૫ થી આગળ વધી પૂર્વ દિશા તરફના સર્વે નંબર ૧૮૫૪, ૧૯૩૪ થઈ સ.નં. ૧૯૪૬ સુધી તથા દક્ષિણ દિશા તરફ બાકરોલ ગામના સીમાડે સર્વે નં. ૧૦ થી પૂર્વ દિશા તરફ સર્વે નં. ૩૫ થઈ આગળ સર્વ નં. ૧૧૦ થી દક્ષિણ દિશા તરફ સ.નં. ૧૦૫ તથા ૯૫ ના હદે ત્યાંથી પશ્ચિમ દિશા તરફ કરમસદ-વિદ્યાનગર રોડ પર કરમસદ તરફ રામદેવપીર ચોકડી સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ મિશન રોડના સર્વે નં. ૫૮૯ ની હદે થઈ આગળ દક્ષિણ દિશા તરફ ૫૮૪ ની હદે થઈ સ.નં. ૫૭૬ થઈ રામદેવપીર ચોકડી તરફ ત્યાંથી પશ્ચિમ દિશા તરફ ગામતળના સર્વે નં. ૨૦૪૨/બી ની હદથી ઉત્તર દિશા તરફ સ.નં. ૨૦૩૧/એ/૧ના ખૂણે થઈ ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશનથી ગામ તળાવની પશ્ચિમ દિશાની હદે થઈ ઉત્તર દિશા તરફના સ.નં. ૧૮૮૩ થી સ.નં. ૧૮૪૫ સુધીનો વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

# કરમસદ નગરપાલિકા, જિલ્લો આણંદ

## વોર્ડ નં.3

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| 3 | ૨૨ | ૦ | ૦ | ૪૩૦ | ૧ થી ૧૪૯ | કૃષ્ણ કો ઓપરેટીવ સોસાયટી, કંકુબાની ચાલી, શ્રીજી દર્શન સોસાયટી, હરિદર્શન, શપથ રેસીડેન્સી, કવીન્સ પાર્ક, શુકાંતપાર્ક, છાત્રાલય, સાન્નિધ્ય સોસાયટી, શ્યામ વિહાર. |
| | ૨૩ | ૦ | ૦ | ૨૨૪ | ૧ થી ૧૭૪ | પાર્થ કુટિર, ગંગાબા છાત્રાલય, તુલસી શ્યામ, શ્યામસ્વરૂપ, બાવીસગામ છાત્રાલય, લક્ષપ્રિત બંગલો, નટુકાકાની ચાલી. |
| | ૨૪ | ૫ | ૦ | ૭૨૮ | ૧ થી ૧૮૨ | ગાયત્રી સોસાયટી, નંદનવન, સૌરાષ્ટ્ર પાટીદાર કેળવણી છાત્રાલય. |
| | ૨૫ | ૨૭ | ૧૩ | ૬૭૮ | ૧ થી ૧૮૮ | બચુકાકાની ચાલી, શિવધારા, શિવાંગન, રંગભૂમિપાર્ક, નિલકંઠ સોસાયટી. |
| | ૨૬ | ૨૦ | ૧૬ | ૩૩૫ | ૧ થી ૧૪૫ | સુજાન-૨(એ/બી), નેસ્ટ-૨, શાંતિવન, શ્રમજીવી સોસાયટી. |
| | ૨૭ | ૮ | ૪૦ | ૫૫૨ | ૧ થી ૧૭૨ | જયરામપાર્ક, કલ્યાંણ સોસાયટી, રાધાપાર્ક પાસેના બંગલા, રાધાપાર્ક, વલ્લભપાર્ક, આશીર્વાદ સોસાયટી. |
| | ૪૫ | ૦ | ૦ | ૪૫૩ | ૧ થી ૧૪૭ | સત્સંગપાર્ક, શ્રીરામ સોસાયટી, સંતરામ સોસાયટી, નિરવપાર્ક, ગણેશકૃપા, વલ્લભપાર્ક, શ્રીનાથજી સોસાયટી, પુષ્પક સોસાયટી. |
| | ૪૬ | ૧૩ | ૧૧ | ૫૬૬ | ૧ થી ૧૬૬ | કૈલાસ સોસાયટી, રામા રેસીડેન્સી, સપ્તર્ષિ, સેન્ટ જોસેફ, વૈકુંઠ સોસાયટી, જગદીશ સોસાયટી, હેમ શિખર કોમ્પલેક્ષ, સોમાભાઈની ચાલી. |
| | ૪૭ | 3 | ૦ | ૪૧૮ | ૧ થી ૧૦૯ | સરદારનગર, કૈલાસ સોસાયટી. |
| | ૫૮ | ૦ | ૦ | ૩૪૦ | ૧ થી ૧૯૧ | કંઠશીલપાર્ક સોસાયટી, વિક્રમનગર-૧ તથા ૨. |
| | ૫૯ | ૦ | ૦ | ૪૨૨ | ૧ થી ૧૫૫ | વાઘજીકાકાની ચાલી, જગદંબાપાર્ક, વિવાહ પાર્ટી પ્લોટ, ડેસ્ટીનેશન હોન્ડા, કળશપાર્ક-૧ તથા ૨. |
| | કુલઃ- | ૭૬ | ૮૦ | ૫૧૪૬ | | |

### વોર્ડ નં. 3 ની હદનું વર્ણન

વોર્ડનં.3ના વાયવ્ય ખૂણાનાં સર્વે નં.૯૭ થી ઉત્તર તરફ સ.નં. ૧૦૨/P થઈ સર્વે નં. ૧૧૨ સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ નંદવન સોસાયટીના સ.નં. ૧૨૦ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફના વિદ્યાનગરના સીમાડે સીમાડે ગંગાબા છાત્રાલયથી દેવસ્ય સોસાયટી થઈ સ.નં. ૨૬૬ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફના સર્વે નં. ૨૫૩ ની હદ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ સ.નં. ૫૧૭/૫૪૯ની હદે થઈ સ.નં. ૭૩૯ ની હદેની થઈ ઉત્તર તરફના સર્વે નં. ૫૩૯, ૭૨૦ની હદે થઈ પશ્ચિમ દિશા તરફ આણંદ - સોજીત્રા રોડના ખૂણા ઉપર આવેલ સ.નં. ૫૯૯ ની હદ સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ વાઘજીભાઈની ચાલી થઈ પાણીની ટાંકીથી સર્વે નં. ૫૭૧ના ખૂણે થઈ પૂર્વ દિશા તરફ કરમસદ-વિદ્યાનગર રોડે થઈ સ.નં.૯૭ ની હદ સુધીનો વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

# કરમસદ નગરપાલિકા, જિલ્લો આણંદ

## વોર્ડ નં.૪

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૨૮ | ૬૧ | ૩૩ | ૫૨૪ | ૧ થી ૧૩૪ | પાર્થ-૨, શકિતપાર્ક, આશીર્વાદ સોસાયટી, હરિ મંગલમ, વંસતવિહાર, બંસી બંગલો. |
| | ૨૯ | ૫ | ૩ | ૬૨૯ | ૧ થી ૧૮૮ | કાવ્યંજલી, રાજગૃહપાર્ક, મારૂતિ બંગલો, પાર્થ બંગ્લોઝ, લક્ષદીપ. |
| | ૩૦ | ૨૦૬ | ૦ | ૪૪૧ | ૧ થી ૧૪૪ | લક્ષ્મીનારાયણ વિહાર, રવિકિરણ, એરીસ્ટ્રોવીલા, બજરંગ સોસાયટી, વિનાયકપાર્ક. |
| | ૩૧ | ૨ | ૧૯ | ૪૨૨ | ૧ થી ૧૩૨ | શાંતિદેવસ્ય, વિનાયકપાર્ક, જવલંતપાર્ક, નીલકમલ સોસાયટી, રબારીવાસ. |
| | ૩૩ | ૦ | ૪ | ૫૧૦ | ૧ થી ૧૮૨ | ખોડીયાર સોસાયટી, લક્ષ્મીનારાયણ છાત્રાલય, સંતરામપાર્ક, પટેલ સોસાયટી-૧, પટેલ સોસાયટી-૨. |
| | ૩૨ | ૦ | ૧૨ | ૫૪૧ | ૧ થી ૧૩૪ | પ્રોફેસર સોસાયટી, વિશ્વકર્મા સોસાયટી, રોયલ પેલેસ સોસાયટી. |
| | ૩૪ | ૦ | ૦ | ૫૪૭ | ૧ થી ૧૭૭ | શિવ વિહાર, ગૌરાંગ એપાર્ટમેન્ટ, વિદ્યુતનગર, મધુવન, સુસ્વાગતમ, ભાગ્યલક્ષ્મી. |
| | ૩૫ | ૯ | ૫ | ૫૯૧ | ૧ થી ૧૬૪ | સંસ્કારધામ, સનરાઈઝ વાટિકા, ઉમિયાનગર. |
| | ૩૭ | ૪ | ૨૦ | ૬૬૯ | ૧ થી ૧૫૨ | અરૂણોદય સોસાયટી, રામેશ્વર સોસાયટી, જે. કે. પાર્ક. |
| | કુલઃ- | ૨૮૭ | ૯૬ | ૪૮૭૪ | | |

**વોર્ડ નં. ૪ ની હદનું વર્ણન**

વોર્ડ નં.૪ના વાયવ્ય ખૂણાનાં સર્વે નં.૨૫૫ થી પશ્ચિમ દિશાના સ.નં. ૨૯૭ ની હદેથી વિદ્યાનગરના સીમાડે થઈ પશ્ચિમ દિશા તરફના રબારીવાસના ખૂણે દક્ષિણ દિશા તરફ સ.નં. ૪૪૦ ના ખૂણેથી પૂર્વ તરફ રેલ્વે લાઈન થઈ સર્વે નંબર ૩૩૩ થી ઉત્તર તરફ સ.નં. ૨૮૫ થી પૂર્વ દિશા તરફ સ.નં. ૨૮૭ ના ખૂણે બાવીસગામ સ્કૂલ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફના આણંદના સીમાડે સીમાડે સર્વે નંબર ૩૦૧ થી પશ્ચિમ દિશા તરફ સ.નં. ૨૯૮ થઈ સ.નં. ૩૩૩ (ભાગ્યલક્ષ્મી) થી દક્ષિણ તરફ રેલ્વે લાઈનને અડી આવેલ સ.નં. ૩૭૭/A થી દક્ષિણ દિશા તરફ સ.નં. ૩૭૯ના ખૂણેથી પશ્ચિમ દિશા તરફ જતા આણંદ-સોજીત્રા રોડના સ.નં. ૩૮૫ થી ૪૨૫ પૈકી થઈ ૫૨૭ સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ સ.નં. ૫૧૮ સુધી ત્યાંથી સર્વે નં. ૫૧૬ થી પૂર્વ દિશા તરફ ના.સ.નં. ૫૧૪ના ખૂણેથી ઉપર થઈ સર્વે નંબર ૨૫૫ સુધીનો વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

# કરમસદ નગરપાલિકા, જિલ્લો આણંદ

## વોર્ડ નં.૫

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | ૩૬ | ૩૦ | ૨૧ | ૮૯૯ | ૧ થી ૧૯૫ | કૃષ્ણ હાઉસીંગ સોસાયટી, મારવાડી કોલોની, સરદાર સોસાયટી, ભરવાડના ઘરો. |
| | ૩૮ | ૦ | ૦ | ૫૨૦ | ૧ થી ૧૮૫ | શ્રીજી સોસાયટી, સનરાઈઝ હાઉસીસ, જલકમલ, લક્ષઆઈકોન, ભોઈવાસ, વકીલ ફાર્મ, સનરાઈઝપાર્ક, નારાયણપાર્ક. |
| | ૩૯ | ૦ | ૦ | ૪૩૫ | ૧ થી ૧૩૫ | અતુલપાર્ક-૧ તથા ૨, રબારીવાસ, જલાવૃન્દ. |
| | ૪૦ | ૨૬ | ૩ | ૪૮૭ | ૧ થી ૧૨૦ | અવકુલ હોટલ, અંબિકા સોસાયટી, રિધ્ધિ-સિધ્ધિ, નવરચના. |
| | ૪૧ | ૦ | ૦ | ૫૮૬ | ૧ થી ૧૬૦ | રાજનપાર્ક, યોગી આરોગ્ય કેન્દ્ર. |
| | ૪૨ | ૦ | ૦ | ૬૬૨ | ૧ થી ૧૬૭ | ઉદ્યોગનગર. |
| | ૪૩ | ૪ | ૦ | ૩૧૭ | ૧ થી ૯૨ | જનકપુરી. |
| | ૪૪ | ૮૬ | ૬૬ | ૪૦૫ | ૧ થી ૧૦૬ | જનતા કોલોની. |
| | ૫૨ | ૦ | ૨૦ | ૬૯૧ | ૧ થી ૧૭૦ | યોગીપાર્ક, રેલ્વે કોલોની પાછળનો ભાગ. |
| | ૫૭ | ૩૬ | ૬૩ | ૫૧૪ | ૧ થી ૨૨૧ | વિક્રમનગર-૨, રાજવિહાર, વૃષભવિહાર. |
| | કુલ:- | ૧૮૨ | ૧૭૩ | ૫૪૮૬ | | |

### વોર્ડ નં. ૫ ની હદનું વર્ણન

વોર્ડ નં.૫ ના વાયવ્ય ખૂણાનાં સર્વે નં. ૭૭૫/P થી ઉત્તર દિશા તરફ રેલ્વે લાઈનને અડીને આવેલ સ.નં. ૩૩૪ થી પૂર્વ તરફ સ.નં. ૩૨૧/P સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ સ.નં. ૩૦૨ (સનરાઈઝ સોસાયટી) સુધી ત્યાંથી આણંદના સીમાડે સીમાડે પૂર્વ દિશા તરફના સ.નં. ૩૦૭ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ સ.નં. ૩૬૨ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફના સર્વે નં. ૭૭૭ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફના સ.નં. ૭૮૫ (રાજનપર્ક) થઈ સ.નં. ૮૦૨ના ખૂણેથી પશ્ચિમ તરફ સ.નં. ૮૦૪ સુધી ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ ના રેલ્વેને અડીને આવેલ સર્વે નં. ૪૦૪ સુધી ત્યાંથી ૬૯૧ થી ઉત્તર દિશા તરફના સ.નં. ૬૯૯ (વિક્રમનગર) સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફના સ.નં. ૪૦૫ ના ખૂણેથી ઉત્તર દિશા તરફ આવેલ સર્વે નં. ૫૨૬ સુધી ત્યાંથી આણંદ-સોજીત્રા રોડે થઈ સ.નં.૭૭૫/P સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

# કરમસદ નગરપાલિકા, જિલ્લો આણંદ

## વોર્ડ નં.૬

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૫૦ | ૦ | ૦ | ૩૯૮ | ૧ થી ૧૫૯ | ગુરૂકૃપા સોસાયટી, નકળંગકૃપા, ચાંગા તલાવડી, પંચશીલ સોસાયટી, મારૂતિ કોમ્પલેક્ષ. |
| | ૫૧ | ૩૯ | ૦ | ૬૫૩ | ૧ થી ૧૩૫ | અયોધ્યાનગર, દાવોલપરૂ, રાજસ્થાન કોલોની, મુખીપરૂ, વિહારનગર. |
| | ૫૩ | ૮ | ૯ | ૬૯૩ | ૧ થી ૧૭૧ | ઉર્મિનગર, સવિતાનગર, ગોપાલનગર, જલતરંગ, કર્ણાવતી, આંબેડકર છાત્રાલય. |
| | ૫૪ | ૯ | ૦ | ૬૨૭ | ૧ થી ૧૬૩ | યોગેશ્વર સોસાયટી, જલારામ ટેક્ષટાઈલ, મહિ કેનાલ કોલોની, કેશવપાર્ક, રેવાબાપાર્ક. |
| | ૫૫ | ૦ | ૦ | ૩૫૩ | ૧ થી ૧૪૭ | કૌટિલ્યા એપાર્ટમેન્ટ, કૌટીલ્યા શોપીંગ મોલ, સરદારનગર-૩, અલંગ હાઉસ, શિવાજીનગર, શુકન બંગ્લોઝ, ડાહ્યાભાઈની ચાલી. |
| | ૫૬ | ૪ | ૨૦ | ૬૪૩ | ૧ થી ૧૬૮ | ક્રિશ્નાનગર વિભાગ ૧ થી ૫ |
| | ૬૦ | ૧૬ | ૦ | ૬૭૪ | ૧ થી ૧૭૬ | શિવાંગીની, મધુવન પાર્ક, શારદા બંગલો, શિવમ પાર્ક, મહેશપાર્ક, રામવિહાર સોસાયટી, પનીત પુરૂષોત્તમ સોસાયટી, રાજસ્થાન કોલોની. |
| | ૬૩ | ૧૪૫ | ૫ | ૪૬૨ | ૧ થી ૧૪૮ | નિરવપાર્ક-૨, નિમાપાર્ક-૧ તથા ૨, નિર્મલ ફલેટ, આમણ તલાવડી પાસેનો વિસ્તાર, ઘનશ્યામપાર્ક. |
| | ૬૪ | ૪ | ૯ | ૩૫૩ | ૧ થી ૧૩૫ | જલારામપાર્ક -૧ તથા ૨, મારૂતિ એવન્યુ. |
| | કુલઃ- | ૨૨૫ | ૪૩ | ૪૮૫૬ | | |

## વોર્ડ નં. ૬ ની હદનું વર્ણન

વોર્ડ નં.૬ના વાયવ્ય ખૂણાનાં સર્વે નં. ૧૪૯૬ થી આણંદ-સોજીત્રા રોડની પૂર્વ તરફ સર્વે નંબર ૧૧૨૧ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણા દિશા તરફ જતાં ગાના રોડના સર્વે નંબર ૧૧૧૧ સુધી તથા પૂર્વ દિશા તરફના સર્વે નંબર ૬૦૪/એ સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ વાયવ્ય ખૂણા તરફના સ.નં.૫૯૨/Pના ખૂણેથી પૂર્વ તરફ આણંદ-સોજાત્રા રોડ તરફના સ.નં.૭૧૯ સુધી તથા દક્ષિણ દિશા તરફ સ.નં.૭૧૮ થઈ પૂર્વ તરફ સ.નં. ૭૨૧ના ખૂણેથી દક્ષિણ પૂર્વ દિશાના અગ્નિ ખૂણા તરફના સ.નં. ૭૩૫ (મેપલ સોસા.) સુધી ત્યાંથી પશ્ચિમ તરફના સ.નં. ૭૦૦/P સુધી ત્યાંથી દક્ષિણ તરફ રેલ્વે લાઈનને અડીને આવેલ સ.નં. ૬૯૦ સુધી ત્યાંથી સ.નં. ૮૩૩ થઈ પૂર્વ દિશા તરફ સ.નં. ૭૪૩ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ પૂર્વ દિશાના અગ્નિ ખૂણા તરફના સ.નં.૮૦૫ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફના સ.નં.૮૪૩ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફના સર્વે નંબર ૮૯૩ સુધી ત્યાંથી આગળ પશ્ચિમ દિશા તરફના સ.નં.૮૭૮ સુધી ત્યાંથી રેલ્વે લાઈનને અડીને આવેલ ઉત્તર દિશા તરફના સ.નં. ૮૭૩ થઈ સ.નં. ૬૨૪ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા રાજસ્થાન કોલોનીના ખૂણે થઈ ઉત્તર દિશા તરફ સ.નં. ૧૧૩૧ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ સ.નં.૧૧૩૭ સુધી ત્યાંથી આગળ વધી ઉત્તર દિશા તરફ ના વાયવ્ય ખૂણાનાં સ.નં. ૧૪૯૬ સુધીનો વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

# કરમસદ નગરપાલિકા, જિલ્લો આણંદ

## વૉર્ડ નં.૭

| સૂચિત વૉર્ડ નંબર | ઈલેકશન વૉર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૭ | ૬૧ | ૦ | ૪ | ૬૭૮ | ૧ થી ૧૭૪ | વડવાળું ફળિયું, સરદારનગર સોસાયટી, ડેરી પાછળનો ભાગ. |
| | ૬૨ | ૧૧ | ૧૪ | ૬૮૩ | ૧ થી ૧૫૩ | જગાભાઈ પાર્ક તથા તેની સામેનો વિસ્તાર. |
| | ૬૫ | ૦ | ૫ | ૬૬૬ | ૧ થી ૩૧૨ | ગોકળપુરા, પાંડવવાડી, ચરોતર આરોગ્ય મંડળ. |
| | ૬૬-૧ | ૦ | ૦ | ૭૮૮ | ૧ થી ૧૫૪ | પીટીસી કોલેજ હોસ્ટેલ, પંચવટી. |
| | ૬૬-૨ | ૦ | ૦ | ૭૩૩ | ૧ થી ૧૨૪ | પંચવટી. |
| | ૬૭-૧ | ૧૯૨ | ૩૮ | ૫૮૦ | ૧ થી ૧૨૫ | ઈન્દિરાનગરી. |
| | ૬૭-૨ | ૩૨ | ૪ | ૪૭૫ | ૧ થી ૧૦૨ | જી.ઈ.બી. કવાટર્સ, વર્કશોપ, ઈન્દિરાનગરી. |
| | ૬૮ | ૩ | ૦ | ૬૪૨ | ૧ થી ૧૧૧ | મોચીકુંઈ, ન્યુ વિદ્યાનગર. |
| | કુલઃ- | ૨૩૮ | ૬૫ | ૫૨૪૫ | | |

### <u>વૉર્ડ નં. ૭ ની હદનું વર્ણન</u>

વૉર્ડ નં.૭ના વાયવ્ય ખૂણાનાં સર્વે નં.૧૬૪૨ થી ૧૭૫૦ આણંદ-સોજીત્રા રોડના પૂર્વ દિશા તરફ આવેલ સ.નં.૧૪૯૮ સંદેસર ચોકડી સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફના સ.નં.૧૧૪૦ ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ સ.નં.૧૧૪૩ સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ સ.નં. ૧૦૯૮ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ રેલ્વે લાઈનને ક્રોસ કરી આવેલ સ.નં. ૯૯૫ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ સર્વે નં.૮૯૫ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ સ.નં.૮૯૭ થી સ.નં.૯૧૩ (તળાવ) સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફના ગાના ગામના સીમાડે સીમાડે આવેલ સર્વે નં.૯૩૭ સુધી ત્યાંથી દક્ષિણ તરફ આવેલ સ.નં.૯૪૩ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ બોરીયાના સીમાડે સીમાડે આવેલ સ.નં.૧૨૪૬ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફના સ.નં.૧૨૬૫ થઈ સંદેસર ગામના સીમાડે સીમાડે થઈ સ.નં.૧૫૫૩ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફના સ.નં.૧૬૧૮ના ખૂણા સુધી તથા પશ્ચિમ ઉત્તર દિશાના વાયવ્ય ખૂણા તરફના સ.નં.૧૬૨૧ સુધી ત્યાંથી મોરડ ગામના સીમાડે સીમાડે ઉત્તર દિશા તરફ નહેર ક્રોસ કરી સર્વે નં.૧૬૨૯ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફના ગોકળપુરા પરાના સર્વે નં.૧૬૩૬ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફના સર્વે નં.૧૬૪૨ સુધીનો વૉર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધનગર

# અનુસૂચિ—૨

## રાજય ચૂંટણી આયોગ
## ગુજરાત રાજય
## ગાંધીનગર

| | | |
|---|---|---|
| **કરમસદ** નગરપાલિકાની સને—૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | ૩૫૨૮૫ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૭ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૫૦૪૧ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: **૫૫૪૫**<br>સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : **૪૫૩૭** |
| બેઠકોની સંખ્યા | ૨૮ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૧૪ | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧ | તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી. |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૦ | તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી. |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૩ | તે પૈકી **૧** સ્ત્રી બેઠક ફાળવેલ છે. |
| કુલ અનામત બેઠકો | ૧૭ | |
| સામાન્ય બેઠકો | ૧૧ | |

| અ. નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૪૮૫૯ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૨ | ૨ | ૪૮૧૯ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૩ | ૩ | ૫૧૪૬ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૪ | ૪ | ૪૮૭૪ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૫ | ૫ | ૫૪૮૬ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૬ | ૬ | ૪૮૫૬ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૭ | ૭ | ૫૨૪૫ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| | **કુલ** | ૩૫૨૮૫ | | | | |

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર